# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

જલસેવા ભવન, સેક્ટર-૧૦-એ ગાંધીનગર- ૩૮૨૦૧૦

મહેશ સિંહ (IFS) સભ્ય સચિવ

ટેલીફોન નં.- ૨૩૨૨૨૪૧૭૯ ૨૩૨૨૨૪૨૩, ૨૩૨૫૧૦૪૯ ફેક્ષ:- ૨૩૨૨૫૯૭૨-૭૯

ઇ-મેઇલ:- msgwssb@gmail.com, technicalcell@yahoo.co.in, setechcell@gmail.com


જા.નં./ટેકસેલ/ખાનગી જોડાણ/ધારાધોરણ/ ૧૭૪૨ તા. ૩ / ૭/૨૦૧૨

પ્રતિ,

અધિક સચિવ અને મુખ્ય ઇજનેરશ્રી,

નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

વિષય:- ગુજરાત પાણી પુરવઠા બોર્ડ હસ્તકની જુદી જુદી જુથ પાણી પુરવઠા યોજનાની પાઇપલાઇનમાંથી ઔદ્યોગિક, શૈક્ષણિક, સામાજીક અને ધાર્મિક સંસ્થાઓને પીવાના પાણીનું ખાનગી જોડાણ આપવા બાબતની નિતી અને ધારાધોરણ.

સંદર્ભ:- બોર્ડ સભ્ય મંડળની તા. ૨૯/૫/૨૦૧૨ ના રોજ મળેલ ૨૪૨ મી બેઠકના ઠરાવ નં. ૧૨

ગુજરાત પાણી પુરવઠા બોર્ડ હસ્તકની જુદી જુદી જુથ પાણી પુરવઠા યોજનાની પાઇપલાઇનમાંથી ઔદ્યોગિક, શૈક્ષણિક, સામાજીક અને ધાર્મિક સંસ્થાઓને પીવાના પાણીનું ખાનગી જોડાણ આપવા બાબતે બોર્ડ સભ્ય મંડળની ૨૩૭ મી બેઠક તા. ૨૯/૯/૨૦૧૧ ના ઠરાવ નંબર (૫) અન્વયે માન. સભ્ય સચિવશ્રીના તા. ૧૨/૧/૨૦૧૨ ના પત્રથી સંસ્થાઓને પીવાના પાણીનું ખાનગી જોડાણ આપવાની દરખાસ્તના માપદંડ/ નીતિનિયમ નક્કી કરવા નીચે મુજબની કમીટીની રચના કરવામાં આવેલ.

| ક્રમ | અધિકારીશ્રી | કમીટીમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | સભ્ય સચિવશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ | અધ્યક્ષશ્રી |
| ૨ | અધિક સચિવશ્રી અને મુખ્ય ઇજનેરશ્રી (પ્રોજેક્ટ), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ. | સભ્યશ્રી |
| ૩ | મુખ્ય ઇજનેરશ્રી (ટેકનીકલ), ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ | સભ્યશ્રી |
| ૪ | ચીફ જનરલ મેનેજરશ્રી (સિવિલ), ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ | સભ્યશ્રી |
| ૫ | ટેકનીકલ કન્સલ્ટન્ટ, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ | સભ્યશ્રી |
| ૬ | અધિક્ષક ઇજનેરશ્રી (ટેકનીકલ), ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ | કન્વીનરશ્રી |

આ કમીટીએ સ્વૈચ્છિક સંસ્થાઓને અને ઉદ્યોગોને, ધાર્મિક સંસ્થાઓને કયા ધોરણે પાણી આપવાનું છે તેની નિતિ નક્કી કરી કનેક્શન અંગેની પ્રવર્તમાન નીતિની વિગતો ચકાસવા તા. ૬/૩/૨૦૧૨ ના રોજ મળેલ બેઠકમાં સમીક્ષા કરેલ તથા આ નવી નિતી/ માપદંડની સર્વાંગી દરખાસ્ત બોર્ડ નિયામક મંડળની ૨૪૨ મી બેઠકમાં રજુ કરેલ.

ગુજરાત પાણી પુરવઠા બોર્ડ હસ્તકની જુદી જુદી જુથ પાણી પુરવઠા યોજનાની પાઇપલાઇનમાંથી ઔદ્યોગિક, શૈક્ષણિક, સામાજીક અને ધાર્મિક સંસ્થાઓને પીવાના પાણીનું ખાનગી જોડાણના દર તથા શરતો નક્કી કરવા બાબતે બોર્ડ સભ્ય મંડળની ૨૪૨ મી બેઠક તા. ૨૯/૫/૨૦૧૨

૨૨૪

ના ઠરાવ નંબર (૧૨) મુજબ સભ્ય મંડળ દ્વારા વિગતવાર ચર્ચા કરેલ તથા સરકારશ્રીના સિંચાઇ વિભાગ દ્વારા ખાનગી સંસ્થાઓને પાણી આપવામાં આવે છે તેથી સિંચાઇ વિભાગ પાસેથી આ અંગેની જરૂરી વિગતો મેળવી, બોર્ડની હાલની નિતીના સંદર્ભમાં કેટલું પાણી આપવું જોઇએ તથા તે માટે કેટલો દર રાખવો જોઇએ વિગેરે બાબતોની પુનઃ ચકાસણી કરી પાણી પુરવઠા બોર્ડ, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લી. માટે એકસમાન નિતી નકકી કરી દરખાસ્ત સરકારશ્રીમાં મંજુરી માટે મોકલી આપવા ઠરાવેલ છે. જે મુજબ દરખાસ્તની વિગતો નીચે મુજબ છે.

<u>ધારા- ધોરણઃ-</u>

<u>પાણીનો પ્રતિ વ્યકિત/ દિન પાણીનો જથ્થોઃ-</u>

| સંસ્થા | પાણીનો પ્રતિ વ્યકિત/ દિન પાણીનો જથ્થો |
|---|---|
| સામાજીક અને શૈક્ષણિક સંસ્થા | |
| શાળા / કોલેજના વિદ્યાર્થી અને કર્મચારી માટે | ૧૦ |
| છાત્રાલય/ હોસ્ટેલ/ વિશ્રામગૃહ ભોજનશાળા સાથે | ૫૦ |
| હોસ્પિટલ (પથારીની ક્ષમતા મુજબ) | ૭૦ |
| ધાર્મિક સંસ્થા | |
| ધર્મસ્થાનમાં આવતા ભાવિકો માટે | ૫ |
| ધર્મસ્થાનામાં ભોજનશાળા ચાલતી હોયતો | ૨૦ |
| ધર્મસ્થાન, વિશ્રામગૃહ, ભોજનશાળા સાથે | ૩૦ |
| પાંજરાપોળ માટે પ્રતિ પશુ (ક્ષમતાની ચકાસણી બાદ) | ૫૦ |
| ઔદ્યોગિક સંસ્થા | |
| ઔદ્યોગિક સંસ્થા સ્ટાફ | ૧૦ |
| ઔદ્યોગિક સંસ્થાના સ્ટાફની વસાહત | ૫૦ |

અરજી ફીઃ- રૂ. ૧૦૦/-

<u>ચકાસણી/ કનેકશન ચાર્જ</u>

| ક્રમ | દૈનિક પાણીની જરૂરીયાતનો જથ્થો | રૂપિયા |
|---|---|---|
| ૧ | ૫૦૦૦૦ લી સુધી | ૫૦૦૦.૦૦ |
| ૨ | ૫૦૦૦૧ લી થી ૭૫૦૦૦ લી સુધી | ૭૫૦૦.૦૦ |
| ૩ | ૭૫૦૦૧ લી થી ૧૦૦૦૦૦ લી સુધી | ૧૦૦૦૦.૦૦ |
| ૪ | ૧૦૦૦૦૦ લીટર વધુ | ૧૫૦૦૦.૦૦ |

<u>મંજુરીની સત્તાઃ-</u>

| ક્રમ | દૈનિક પાણીની જરૂરીયાતનો જથ્થો | મંજુરીની સત્તા |
|---|---|---|
| ૧ | ૧ એમ.એલ.ડી. | સભ્ય સચિવશ્રી, પા.પુ.બોર્ડ |
| ૨ | ૧ એમ.એલ.ડી. થી વધુ અને ૨ એમ.એલ.ડી. સુધી | માન. અધ્યક્ષશ્રી, પા.પુ.બોર્ડ |
| ૩ | ૨ એમ.એલ.ડી. થી વધુ | ટેરીફ કમિટી |

<u>પાણીના વપરાશનો દરઃ-</u>

| ક્રમ | સંસ્થા | દર |
|---|---|---|
| ૧ | શૈક્ષણિક, ધાર્મિક, સામાજીક તથા આરોગ્ય સંસ્થાઓ | રૂ. ૧૦/- પ્રતિ ૧૦૦૦ લીટર |
| ૨ | ઔદ્યોગિક વપરાશના દરો માટે | રૂ. ૧૫/- પ્રતિ ૧૦૦૦ લીટર |

- પાણીના દરોમાં પ્રતિ નાણાંકીય વર્ષે ૧૦ ટકાના ધોરણે ઉતારોત્તર વધારો કરવાનો થશે.

શરતો:-

(૧) ટેપીંગ દરખાસ્તની નિયત પ્રોસેસીંગ ફી સંસ્થાએ કરારનામું કરતી વખતે ભરવાના રહેશે.

(૨) ટેપીંગની કામગીરી કનેકટીંગ પાઇપલાઇન, વોટર મીટર વગેરેનો ખર્ચ અરજદારે ભોગવવાનો રહેશે.

(3) પાણીનું વિતરણ ઉપલબ્ધ પાણીના જથ્થાને ધ્યાને લઇ કરવાનું રહેશે તથા મંજુર થયેલ દૈનિક જથ્થાની મર્યાદામાં પાણી આપવાનું રહેશે તથા સદરહુ કનેકશન .દરખાસ્તમાં દર્શાવ્યા મુજબની ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનાની પાઇપ લાઇનમાંથી આપવાનું રહેશે.

(૪) સંસ્થાને કનેકશન આપતા પહેલા સંસ્થાના સ્થળ તથા પાણીના ઉપયોગનો હેતુ રજુઆતને સુસંગત છે કે કેમ ? તેની ચકાસણી કરી લેવાની રહેશે. આ કનેકશન માત્ર પીવાના પાણીના હેતુ માટે જ આપવામાં આવે છે અન્ય હેતુ માટે વાપરી શકાશે નહીં અને સંબંધિત ના.કા.ઇ.શ્રી વચ્ચે કરારખત કર્યા બાદ જ પાણી પુરવઠો ચાલુ કરવાની જવાબદારી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની રહેશે.

(૫) અરજદારે બોર્ડના મંજુર થયેલ વેન્ડર પાસેથી I.S.I માર્કાનું મીટર ખરીદી પોતાના ખર્ચે મુકવાનું રહેશે. આ મીટરનું સબંધીત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીએ કેલીબ્રેશન બાબતે સર્ટીફાઇડ કરવાનું રહેશે. મીટર મુકાવવાની જવાબદારી સબંધિત ના.કા.ઇ.શ્રીની રહેશે મીટર ફીટ કર્યા બાદ જ પાણી પુરવઠો ચાલુ કરવાનો રહેશે. મીટર તથા પાઇપ લાઇનની મરામત અને નિભાવણી તથા ટેપીંગ પોઇન્ટથી સર્વિસ પોઇન્ટ સુધી કોઇ કન્ટેમીનેશન ન થાય તેની જવાબદારી અરજદારની રહેશે. મીટર બંધ માલુમ પડે તો તાત્કાલિક અસરથી પાણી બંધ કરવાની જવાબદારી સંબંધિત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની રહેશે.

(૬) અરજદારે કનેકશન ઉપર મૂકેલ મીટર દર ૬ મહિને ના.કા.ઇ.શ્રી દ્વારા ચેક કરવાનું રહેશે. જો મીટર બંધ જણાય તો મીટર બંધ રહયાના સમય સુધી મહતમ મંજુર કરેલ જથ્થા જેટલું બીલ આકારવાનું રહેશે. અરજદારનું મીટર બગડે તો તે રીપેર કરવાની જવાબદારી અરજદારની રહેશે.

(૭) મીટર રીડીંગ મુજબ નકકી થયેલ પાણીના દર મુજબ પાણીના ચાર્જ વસુલ કરવાના રહેશે.

(૮) મંજુર કરેલ જથ્થાના પ્રતિ ૧૦૦૦ લીટરના નિયમ અનુસારના દરે ૬ માસનાં પાણીના ચાર્જ ડીપોજીટ રૂપે જમા કરાવવાના રહેશે. જે બોર્ડ પાસે ડીપોઝીટ પેટે રાખવામાં આવશે.

(૯) રાઇઝીંગ મેઇન લાઇનમાંથી જોડાણ આપવાનું રહેશે નહિં.

(૧૦) પાણીના મંજુર કરેલ દરોમાં બોર્ડ દ્વારા વખતો વખત જે પ્રમાણે સુધારો-વધારો કરવામાં આવે તે મુજબ બીલીંગ કરવાનું રહેશે જે અરજદારને માન્ય રહેશે.

(૧૧) જે ચાર્જ અરજદાર પાસે વસુલ લેવાના થાય તેનું નિયમિત બીલીંગ કરવાની જવાબદારી સંબધિત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની રહેશે.

(૧૨) જુથ યોજનામાંથી ફાજલ પાણી ટેપીંગ દ્વારા આપવાનું છે કોઇ કારણસર યોજના પુરતો પાણી પુરવઠો પુરતો ઉપલબ્ધ ન થાય તે સંજોગોમાં યોજનાના ગામોને પાણી આપવાની બાબતને અગ્રતા આપવાની રહેશે.

(૧૩) અરજદાર સતત ૨ માસ સુધી બીલની રકમ ન ભરે તો તેનું કનેકશન રદ ગણી તે જોડાણ કાપવાની જવાબદારી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની રહેશે.

(૧૫) અરજદારે વરસાદી પાણીના સંગ્રહ માટે રીચાર્જીંગની વ્યવસ્થા એક વર્ષની સમય-મર્યાદામાં પૂર્ણ કરવાની બાંહેધરી આપવાની રહેશે.

૨૨૫

(૧૬) ટેપીંગની દરખાસ્ત મંજૂર થયા બાદ એક માસમાં સંસ્થાએ નિયમોનુસાર કરારખત કરવાનો રહેશે.

(૧૭) ટેપીંગ મંજૂરીની સમય-મર્યાદા મંજૂરી મળ્યેથી ૫ (પાંચ) વર્ષની રહેશે. ત્યારબાદ યોજનામાં પાણીની ઉપલબ્ધતાને ધ્યાને રાખી સમયાંતરે સબંધિત ના.કા.ઇ.શ્રીએ સંસ્થાને જોડાણ રીન્યું કરી આપવાનું રહેશે.

(૧૮) મંજૂર થયેલ પાણીનો જથ્થો સંસ્થા. ટેપીંગ ચાલુ થયા બાદ ૧ માસમાં ઉપાડશે નહિ તો મંજૂર થયેલ જથ્થાનું ન્યૂનત્તમ બીલ સંસ્થાએ ભરવાનુ રહેશે તેમજ મંજૂર થયેલ જથ્થા ઉપરાંતના ૩૦ ટકા કરતાં વધારે જથ્થો (૧૩૦ % કરતાં વધારે) ઉપાડશે તો પેનલ્ટી તરીકે મંજૂર થયેલ દર બમણા દરથી વસુલાત કરવાની રહેશે. જ્યારે મહીનામાં ૬૦ ટકાથી વધારે પાણીનો ઉપાડ કરવામાં આવશે. તો કનેકશન કાપી લેવાનું રહેશે.

(૧૯) પાણીના બીલનું ચૂકવણુ દર માસની ૭ થી ૨૦ તારીખ સુધીમાં કરવાનું રહેશે. ત્યાર પછી ૧ ટકા પ્રતિ માસના ધોરણે વધારાના પાણી વેરાની રીકવરી કરવાની રહેશે.

(૨૧) પાણીના જથ્થાના વધારાના ઉપાડ કે. પાણીની ચોરી કે. અન્ય કારણોસર સંસ્થાનું કનેકશન કાપવામાં આવેલ હોય. તો તેના અને પુનઃ જોડાણની રજુઆત કરેલ તો જોડાણ માટે ડબલ જોડાણ ચાર્જ વસુલ કરવાનો રહેશે.

(૨૨) સંસ્થા જોડે એક સમાન કરારખત કરવાનું રહેશે તથા કરારખત થયા બાદ સંસ્થા મંજૂર થયેલ જથ્થો ઉપાડશે નહિ તો ભરેલ ડીપોઝીટ ખાતા દ્વારા જપ્ત કરવામાં આવશે અને સંસ્થા ડીપોઝીટની રકમ પરત મેળવવા હકકદાર રહેશે નહિ.

(૨૩) મંજૂર થયેલ જગ્યાને અનુરૂપ ટેપીંગ માટે જરૂરી ઓરીફીસની સાઇઝ કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા સર્ટીફાઇડ કરવાની રહેશે.

ઉપરોકત વિગતો ધ્યાને લઇ. ગુજરાત પાણી પુરવઠા બોર્ડ હસ્તકની જુદી જુદી જુથ પાણી પુરવઠા યોજનાની પાઇપલાઇનમાંથી ઔધોગિક. શૈક્ષણિક. સામાજીક અને ધાર્મિક સંસ્થાઓને પીવાના પાણીનું ખાનગી જોડાણ આપવા બાબત.ના ધારા- ધોરણ તથા નિતી/ શરતોને સરકારશ્રીને સ્તરેથી બહાલી આપવા વિનંતી છે.

(મહેશ સિંહ)
સભ્ય સચિવ

<u>નકલ સાદર રવાના પ્રતિ,</u>

- માન. અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી. બોર્ડ કચેરી. ગાંધીનગર

<u>નકલ શુભેચ્છા સહ રવાના પ્રતિ,</u>

- ચીફ જનરલ મેનેજરશ્રી, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લી. ગાંધીનગર
- માસ્ટર ફાઇલ.